ઑલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશન (AICTE) ની સાતમાં પગારપંચની ભલામણોના આધારે રાજ્યની સરકારી અને અનુદાનિત ડિપ્લોમા ઇજનેરી અને ફાર્મસી સંસ્થાઓના શૈક્ષણિક કર્મચારીઓ માટે કેરીયર એડવાન્સમેન્ટ સ્કીમ (CAS) લાગુ પાડવા બાબત.

**ગુજરાત સરકાર**

શિક્ષણ વિભાગ

ઠરાવ ક્રમાંક : ED/MIS/e-file/3/2022/0010/Gh

સચિવાલય, ગાંધીનગર

તારીખ :૦૧/૦૩/૨૦૨૪

**વંચાણે લીધા :**

૧. AICTEના તા.૦૧/૦૩/૨૦૧૯ના જાહેરનામા ક્રમાંક: 61-1/RIFD/7th CPC/2016-17
૨. શિક્ષણ વિભાગના તા.૨૦/૦૩/૨૦૨૦ના ઠરાવ ક્રમાંક: એસસીટી/૧૦૨૦૧૯/૩૦૨/ઘ
૩. નાણાં વિભાગના તા.૧૬/૦૮/૨૦૧૬ જાહેરનામા ક્રમાંક: પગર/૧૦૨૦૧૬/૧/પગાર એકમ
૪. AICTEના તા.૨૦/૦૫/૨૦૨૦ના જાહેરનામા ક્રમાંક: 61-3/RIFD/7th CPC/2016-17
૫. AICTEના તા.૦૬/૦૯/૨૦૨૨ની નોટીસ ક્રમાંક: 27/P&AP/Pay/01/2021-22/75(Mar)
૬. શિક્ષણ વિભાગના તા.૦૨/૦૮/૨૦૧૧ ઠરાવ ક્રમાંક: એસસીટી/૧૦૨૦૧૦/૧૯૨૮/૩૭૬૭૬૨/ઘ
૭. શિક્ષણ વિભાગના તા.૧૨/૧૧/૨૦૧૪ ઠરાવ ક્રમાંક: એસસીટી/૧૦૨૦૧૩/૮૩૧૦૧૫/ઘ
૮. શિક્ષણ વિભાગના તા.૧૨/૧૦/૨૦૧૭ ઠરાવ ક્રમાંક: એસસીટી/૧૦૨૦૧૩/૮૩૧૦૧૫/ઘ
૯. નિયામકશ્રી ટેકનીકલ શિક્ષણની કચેરીનો તા.૧૬/૦૯/૨૦૨૧નો પત્રાંક: ડીટીઈ/સા.પ.પં/CAS/દરખાસ્ત/ડિપ્લોમા/ ૨૦૨૧ /ઘ-૧૫/૯૪૦૬

**પ્રસ્તાવના:**

રાજ્ય સરકાર હસ્તકની સરકારી અને અનુદાનિત ડિપ્લોમા ઇજનેરી અને ફાર્મસી સંસ્થાઓના શૈક્ષણિક કર્મચારીઓને ઑલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશન દ્વારા સમયાંતરે જાહેર કરવામાં આવતા પગારપંચ અને તેના આનુષાંગિક લાભો આપવામાં આવે છે. ઑલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશનના વંચાણે લીધેલ ક્રમાંક (૧) ના જાહેરનામા અન્વયે રાજ્ય સરકાર દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક-(૨)ના ઠરાવથી સાતમા પગારપંચ મુજબના લાભો તા.૦૧/૦૧/૨૦૧૬ થી આપવામાં આવેલ છે તેમજ સદર ઠરાવની ક્રમ નં.(૨૧) ની જોગવાઇ અનુસાર કેરીયર એડવાન્સમેન્ટ સ્કીમ (CAS)ના અમલ અંગે નાણા વિભાગની અલગથી મંજુરી મેળવવાની થતી હોઈ વંચાણે લીધા ક્રમાંક (૯) થી કેરીયર એડવાન્સમેન્ટ સ્કીમની અમલવારી અંગે નિયામકશ્રી / કમિશનરશ્રી, ટેકનીકલ શિક્ષણની કચેરી દ્વારા વિભાગને દરખાસ્ત કરવામાં આવેલ જે અંતર્ગત રાજ્યની સરકારી અને અનુદાનિત ડિપ્લોમા ઇજનેરી અને ફાર્મસી કોલેજોના શૈક્ષણિક કર્મચારીઓને કેરીયર એડવાન્સમેન્ટ સ્કીમનો અમલ કરવા અંગેની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :**

પુખ્ત વિચારણાને અંતે ઑલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશનના વંચાણે લીધેલા ક્રમાંક (૧) અને (૪) ના જાહેરનામા અંતર્ગત સાતમા પગારપંચની કેરીયર એડવાન્સમેન્ટ સ્કીમ (CAS)ની જોગવાઇઓનો અમલ નીચે મુજબ કરવાનુ આથી ઠરાવવામાં આવે છે.

**૧.** વંચાણે લીધેલ ક્રમાંક (૧) ના જાહેરનામાની ૧.૪(b)ની જોગવાઇ અંતર્ગત તા.૦૧/૦૧/૨૦૧૬થી તા. ૨૮/૦૨/૨૦૧૯ સુધી રાજ્ય સરકારમાં અમલી છઠ્ઠા પગારપંચ મુજબ કેરીયર એડવાન્સમેન્ટ સ્કીમ (CAS)ના લાભો મંજુર કરવાના રહેશે.

વધુમાં, વંચાણે લીધેલ ક્રમાંક (૪)ના જાહેરનામાના ક્રમ નં.૧૩ ની સ્પષ્ટતા "તા.૦૧/૦૩/૨૦૧૯ થી ત્રણ વર્ષ સુધીમાં જે વ્યાખ્યાતાઓ અગાઉના છઠ્ઠા પગારપંચની કેરીયર એડવાન્સમેન્ટ સ્કીમ (CAS)મુજબ AGP મુવમેન્ટ મેળવવા માંગતા હોય તો તે મેળવી શકશે અને તે અન્વયે ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશન (ડિપ્લોમા) ના કયા રેગ્યુલેશન હેઠળ CAS અંતર્ગત લાભ લેવા માંગે છે તેનો વિકલ્પ આપી શકે છે."ના અનુસંધાને રાજ્ય સરકાર હેઠળની ટેકનિકલ શિક્ષણ આપતી સરકારી ઈજનેરી અને ફાર્મસી સંસ્થાઓના શૈક્ષણિક કર્મચારીઓએ તા.૧/૩/૨૦૧૯થી પ્રસ્તુત ઠરાવ પ્રસિધ્ધ થયા તારીખ સુધી રાજ્યમાં અમલી છઠ્ઠા પગારપંચ કે સાતમા પગારપંચ પૈકી ક્યા રેગ્યુલેશન હેઠળ કેરીયર એડવાન્સમેન્ટ સ્કીમ (CAS)અંતર્ગત લાભ લેવા માંગે છે તેનો વિકલ્પ આપવાનો રહેશે.

જે વ્યાખ્યાતાઓ દ્વારા છઠ્ઠા પગારપંચ મુજબ કેરીયર એડવાન્સમેન્ટ સ્કીમ (CAS) હેઠળના લાભોનો વિકલ્પ પસંદ કરવામાં આવે તે વ્યાખ્યાતાઓને તા.૦૧/૦૧/૨૦૧૬ થી પ્રસ્તુત ઠરાવ પ્રસિધ્ધ થયા તારીખ સુધી છઠ્ઠા પગારપંચ મુજબના લાભો આપ્યા બાદ આવા વ્યાખ્યાતાઓને ઑલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશનની ભલામણો અનુસાર સાતમા પગારપંચ અન્વયેના શિક્ષણ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (૨)ના ઠરાવ અને નાણા વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (૩)ના જાહેરનામા મુજબ પગાર નિયત કરવાનો રહેશે.

**૨.** વંચાણે લીધેલ ક્રમાંક (૧) ના જાહેરનામાની ૧.૪(c) ની જોગવાઇ અને વંચાણે લીધેલ ક્રમાંક(૫) ની સ્પષ્ટતા અનુસાર સાતમા પગારપંચની કેરીયર એડવાન્સમેન્ટ સ્કીમ (CAS)ની જોગવાઇઓ પરીપૂર્ણ કરવા માટે તા.૩૧/૦૭/૨૦૨૪ સુધી છુટછાટ મળવાપાત્ર રહેશે. જે વ્યાખ્યાતાને તા.૦૧/૦૩/૨૦૧૯ પછી સાતમા પગારપંચ મુજબ કેરીયર એડવાન્સમેન્ટ સ્કીમ (CAS)ના લાભો મળવાપાત્ર છે પરંતુ વંચાણે લીધેલ ક્રમાંક(૧)ના ઠરાવ મુજબની જોગવાઇઓ સંતોષતા નથી તો તેવા વ્યાખ્યાતાને જો તેઓ સદર જોગવાઇઓ તા.૩૧/૦૭/૨૦૨૪ સુધીમાં પૂર્ણ કરે તો સાતમા પગારપંચની કેરીયર એડવાન્સમેન્ટ સ્કીમ (CAS) હેઠળના લાભો પશ્ચાદવર્તી અસરથી આપવાના રહેશે. પરંતુ જે વ્યાખ્યાતાઓ ઉક્ત ઠરાવમાં આપવામાં આવેલ છૂટછાટની તારીખ સુધીમાં જરૂરી શરતો પૂર્ણ ન કરે તો તેવા વ્યાખ્યાતાને તેઓ જે તારીખે જરૂરી શરતો પૂર્ણ કરે તે તારીખથી સાતમા પગારપંચની કેરીયર એડવાન્સમેન્ટ સ્કીમ (CAS)હેઠળના લાભો મળવાપાત્ર રહેશે.

**3.** સરકારી અને અનુદાનિત ડિપ્લોમા ઇજનેરી અને ફાર્મસી સંસ્થાઓ ખાતે શૈક્ષણિક કર્મચારીઓના હોદ્દાઓ અને પગાર ધોરણ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક(૨)ના ઠરાવ અનુસાર રહેશે.

**૪.** વંચાણે લીધેલ ક્રમાંક (૧) ના જાહેરનામા અન્વયેની કેરીયર એડવાન્સમેન્ટ સ્કીમ (CAS)હેઠળ એક તબક્કામાંથી બીજા તબક્કામાં જવા માટે નીચે મુજબની જોગવાઇ અનુસાર જે વ્યાખ્યાતા જરૂરી શૈક્ષણિક લાયકાત અને અન્ય તમામ શરતો સંતોષતા હોય તો તે મુજબ તેઓને લાભો મળવાપાત્ર થશે.

**૪.૧** વંચાણે લીધેલ ક્રમાંક (૧)ના જાહેરનામાના પારા ૪.૧ મુજબની જોગવાઇ અનુસારની લાયકાત ધરાવતા હોય અને રાજ્ય સરકારે ઠરાવેલ પધ્ધતિ અનુસાર નિયમિત રીતે નિમણૂંક પામેલ હોય તે વ્યાખ્યાતાને સાતમા પગારપંચના પે મેટ્રીક્ષના લેવલ-૯એ મળવાપાત્ર થશે તેમજ સદર

જાહેરનામાના પારા ૪.૨(a) અથવા (b) મુજબની જોગવાઇ અનુસારની લાયકાત ધરાવતા હોય અને રાજ્ય સરકારે ઠરાવેલ પધ્ધતિ અનુસાર નિયમિત રીતે નિમણુંક પામેલ હોય તે વ્યાખ્યાતાને સાતમા પગારપંચના પે મેટ્રીક્ષના લેવલ-૧૦ મળવાપાત્ર થશે.

**૪.૨** લેવલ-૯એ માં મુકવામાં આવેલ વ્યાખ્યાતાને વંચાણે લીધેલ ક્રમાંક (૧) ના જાહેરનામાના પારા ૪.૨ (c) મુજબની જોગવાઇઓ પરિપૂર્ણ કરતા હોય તો તેઓને લેવલ-૧૦ વ્યાખ્યાતાના લાભો મળવાપાત્ર થશે.

**૪.૩** લેવલ-૧૦ માં મુકવામાં આવેલ વ્યાખ્યાતા વંચાણે લીધેલ ક્રમાંક (૧)ના જાહેરનામાના પારા ૪.૩ મુજબની જોગવાઇઓ પરિપૂર્ણ કરતા હોય તો તેઓને લેવલ-૧૧ વ્યાખ્યાતા (સીનીયર સ્કેલ)ના લાભો મળવાપાત્ર થશે.

**૪.૪** લેવલ-૧૧ માં મુકવામાં આવેલ વ્યાખ્યાતા (સીનીયર સ્કેલ) વંચાણે લીધેલ ક્રમાંક (૧) ના જાહેરનામાના પારા ૪.૪ મુજબની જોગવાઇઓ પરિપૂર્ણ કરતા હોય તો તેઓને લેવલ-૧૨ વ્યાખ્યાતા (સિલેકશન ગ્રેડ-૧)ના લાભો મળવાપાત્ર થશે.

**૪.૫** લેવલ-૧૨માં મુકવામાં આવેલ વ્યાખ્યાતા (સિલેકશન ગ્રેડ-૧) વંચાણે લીધેલ ક્રમાંક (૧) ના જાહેરનામાના પારા ૪.૫ મુજબની જોગવાઇઓ પરિપૂર્ણ કરતા હોય તો તેઓને લેવલ-૧૩એ૧ વ્યાખ્યાતા (સિલેકશન ગ્રેડ-૨)ના લાભો મળવાપાત્ર થશે.

સંબંધિત વ્યાખ્યાતાને કેરીયર એડવાન્સમેન્ટ સ્કીમ (CAS) અંતર્ગત મળવાપાત્ર લાભો આપવા માટે સરકારશ્રીની વખતોવખતની જોગવાઇઓ અનુસાર વ્યાખ્યાતાની સંતોષકારક કામગીરી અંગે પરફોર્મન્સ અપ્રેઝલ રિપોર્ટ (PAR) ધ્યાને લેવાના રહેશે તેમજ આ અંગે સરકારશ્રીના શિક્ષણ વિભાગ તથા સામાન્ય વહીવટ વિભાગની વખતોવખતની સ્થાયી નીતિ/જોગવાઇઓને અનુસરવાનું રહેશે.

**૫.** . વંચાણે લીધેલ ક્રમાંક (૧) ના જાહેરનામા અનુસાર એકેડેમિક લેવલ ૯એ થી ૧૩એ૧ સુધીના લાભો મંજુર કરવા નીચે મુજબ કમિટીઓ નિયત કરવામાં આવે છે.

| | કમિટી | કમિટીના સભ્યો | | |
|---|---|---|---|---|
| | | | | ચેરમેન |
| (એ) | સ્કીનીંગ કમિટી | ૧ | સંસ્થાના વડા/આચાર્ય | |
| | | ૨ | સંબંધિત વિદ્યાશાખાના ખાતાના વડા | સભ્ય સચિવ |
| | | 3 | બે વિષય નિષ્ણાત (સચિવશ્રી/અગ્રસચિવશ્રી/અધિક મુખ્ય સચિવશ્રી (ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ) દ્વારા નિયુક્ત વિષય નિષ્ણાંત પેનલ પૈકી)) | સભ્ય |
| | | | | ચેરમેન |
| (બી) | સિલેક્શન કમિટી | ૧ | નિયામકશ્રી (ટે.શિ.) | |
| | | ૨ | ના.સ.શ્રી/સં.સ.શ્રી/અ.સ.શ્રી (ટે.શિ.) શિક્ષણ વિભાગ | સભ્ય |
| | | 3 | બે વિષય નિષ્ણાત (સચિવશ્રી/અગ્રસચિવશ્રી/અધિક મુખ્ય સચિવશ્રી (ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ) દ્વારા નિયુક્ત વિષય નિષ્ણાંત પેનલ પૈકી) | સભ્ય |
| | | ૪ | સંયુક્ત નિયામકશ્રી – ટે.શિ. | સભ્ય સચિવ |

વંચાણે લીધેલ ક્રમાંક (૧) ના જાહેરનામામાં નિયત થયા મુજબ કેરિયર એડવાન્સમેન્ટ સ્કીમ (CAS) માંટે વ્યાખ્યાતાએ લેવલ- ૯એ થી લેવલ-૧૦, લેવલ-૧૦ થી લેવલ-૧૧ અને લેવલ-૧૧ થી લેવલ-૧૨ ના લાભો મેળવવા માટે સ્કીનીંગ કમિટીને દરખાસ્ત કરવાની રહેશે.

લેવલ-૧૨ થી લેવલ-૧૩એ૧ ના લાભો મેળવવા માટે વ્યાખ્યાતાએ સિલેકશન કમિટી સમક્ષ દરખાસ્ત રજુ કરવાની રહેશે.

ઉકત સ્ક્રીનીંગ કમિટી/સિલેકશન કમિટીની ભલામણો મુજબ નિયામકશ્રી/કમિશનરશ્રી, ટેકનીકલ શિક્ષણની કચેરી દ્વારા મંજુરી/નામંજૂરીના આદેશ કરવાના રહેશે. સદર કમિટીઓની બેઠક વર્ષમાં બે વાર મળશે અને તેમના દ્વારા કરવામાં આવેલ કાર્યવાહીનો અહેવાલ શિક્ષણ વિભાગને રજુ કરવાનો રહેશે.

૬. ઑલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશન દ્વારા સાતમા પગારપંચ અંતર્ગત કેરીયર એડવાન્સમેન્ટ સ્કીમ (CAS)ના લાભો માટે ૩૬૦° ફીડબેકનો અમલ કરવા જણાવેલ હોઈ તેનો અમલ ચાલુ શૈક્ષણિક વર્ષથી કરવાનો રહેશે અને તે વંચાણે લીધેલ ક્રમાંક (૧)ના જાહેરનામાના Annexure- III મુજબ રહેશે. તેના અમલીકરણ અન્વયે નિયામકશ્રી/કમિશનરશ્રી, ટેકનિકલ શિક્ષણની કચેરી દ્વારા વખતોવખત પ્રસિદ્ધ કરવામાં આવતી માર્ગદર્શિકા અનુસાર કરવાનું રહેશે. અધ્યાપકો દ્વારા સદરહુ ઠરાવ થયા સુધી PBAS (Performance Based Appraisal System) આધારિત કેટેગરી વાઈઝ API સ્કોર ભરવાના રહેશે.

૭. પ્રતિનિયુક્તિ પર રહેલા વ્યાખ્યાતાઓ માટે કેરીયર એડવાન્સમેન્ટ સ્કીમ (CAS)અંતર્ગતના લાભો મેળવવા માટે વ્યાખ્યાતાઓને વંચાણે લીધેલ ક્રમાંક (૧) ના જાહેરનામાના પારા ૬.૬ની જોગવાઇ અનુસાર કાર્યવાહી કરવાની રહેશે.

૮. વ્યાખ્યાતાઓને વંચાણે લીધેલ ક્રમાંક (૧) ના જાહેરનામા અન્વયે પારા ૨.૧૨ની જોગવાઇ અનુસાર વ્યાખ્યાતાઓને Industrial Training પર મોકલવા માટે નિયામકશ્રી/કમિશનરશ્રી ટેકનીકલ શિક્ષણની કચેરી દ્વારા કાર્યવાહી કરવાની રહેશે.

૯. વંચાણે લીધેલ ક્રમાંક (૧) ના જાહેરનામામાં દર્શાવેલ કેરીયર એડવાન્સમેન્ટ સ્કીમ (CAS) અંગેની જોગવાઈઓના પરિપેક્ષમાં આ ઠરાવમાં દર્શાવેલ જોગવાઈઓના અર્થઘટન સંદર્ભે શિક્ષણ વિભાગના પરામર્શમાં સરકારશ્રીનો નિર્ણય આખરી રહેશે.

૧૦. ઉકત જોગવાઇઓ ઉપરાંત શિક્ષણ વિભાગના વંચાણે લીધા ક્રમાંક-(૨)ના ઠરાવ અને નાણા વિભાગના વંચાણે લીધા ક્રમાંક -(૩) જાહેરનામાની જોગવાઇઓનુ ચુસ્તપણે પાલન કરવાનુ રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર સરકારશ્રીની તા. ૨૯/૦૨/૨૦૨૪ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મૌલિકા શાહ)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- નામ. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
- માન. મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, માન. મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મુખ્યસચિવશ્રીના અંગત સચિવશ્રી, માન. મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, (શિક્ષણ) શિક્ષણ વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી/કમિશનરશ્રી, ટેકનીકલ શિક્ષણની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ / રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી / જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ., (વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવા સારૂ.)
- સેકશન અધિકારીશ્રી, બજેટશાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- ના.સે.અધિ. સિલેક્ટ ફાઈલ.

Principal,
A. V. Parekh Tech. Institute,
Rajkot.